ॐ तत्सत् परमात्माने नमः

શ્રી

રામાયણનો સાર

(સંગીત)

છપાવી પ્રસિધ્ધ કરનાર

સ્વર્ગવાસી ભાઇ ચત્રભુજ વલમજીની

યાદદારત માટે

શેઠ વલમજી મુરારજી કન્ટરાકટર.

આવૃતી બીજી પ્રત ૧૦૦૦

શાં. ૧૯૭૦ ઇ. સ. ૧૯૧૩

મલવાનું ઠેકાણું:

વલમજી મુરારજી કન્ટરાકટર,

રામબાગ ગાડીખાતા-કરાચી.

કીંમત અમુલ્ય

મરાઠા પ્રેસમાં પી. કે. માલવનકરે છાપ્યું-કરાંચી.

રામાયણનો ટુંકસાર.

હરીગીત છંદ.

જય રામ રઘુકુળ ભાણ, વેદ વખાણ આપ તણા કરે
જય રામ પુરણ કામ પાપી આપ નામ સમર્થે તરે
જય રામ નિશીચર મારવા ભુમીનો ભાર ઉતારવા
પ્રગટયા અહો પરબ્રહ્મ પુણ્ય સ્વી શુભકતો તરવા 1
જય રામ વંશ ઈક્ષ્વાકુને અજ પુત્ર દશરથને ઘરે
જય રામ કૌશલ્યા ઉદરથી ઉદભવ્યા જગમાં ખરે
જય રામ વિશ્વામીત્ર શહ કાચી કિશોર વયે જઇ
જય રામ મારી તાડીકા મૃદુ હથામાં કાર મુદ લઇ 2
જય રામ મારી અર્થ તાપસના જનક ગેહે જતાં
જય રામ ઉધારી અહલ્યા પગ વડે જરી સ્પર્શથતાં
જય રામ ત્રંબક તોડી માન રાવણનું પ્રભુ
જય રામ સીતાને વર્યા વિસ્મિત કરી જગને વિભુ 3
જય રામ પરશુરામનો મદ મોડી અવધે આવીયા
જય રામ સીતા લાવી ભાંડુ સર્વને મન ભાવ્યા
જય રામ વચન પીતા તણું પાળવા શું અભિષેકજ સમે
જય રામ જાનકી સાહ વિચાર્યા ખડા ન રહયા કેમે 4
જય રામ ભરથે વિનવ્યા ગીરી ચિત્રકુટે આવીને
જય રામ મરણ પિતા તણું પ્રતિ યોગથી સંભળાવીને
જય રામ તોપણ નવ ડગ્યા અતિ તાપ અંતરમાં થતે
જય રામ ભાળવ્યું રાજ ભક્ત શું ભરતને વનમાં જતે 5

જય રામ પછી દંડકવને ગોદાવરી તટ આવીને
જય રામ પંચવટી વીષે પોતે વસ્યા મુની ભવીને
જય રામ ત્યાં દંશકદ ભગની આવી પાપ મતી ધરી
જય રામ તેને લક્ષ્મને પળમાંજ નાક વીના કરી ૬

જય રામ રાક્ષસ ચૌદ શસ્ત્ર વિદાર્યા તે વન મહીં
જય રામ ખર દુઃખરમતી સીરાપને પણ માર્યા તહીં
જય રામ સાર્યા અર્થ તાપસના નિશાચરને હણી
જય રામ રાવણ કોપીઓ સુણી વાત સુરપનખા તણી ૭

જય રામ તેથી પાપીએ પાગ્રણ વળતીયે કર્યા
જય રામ મારંચી મૃગ કરી થઇ જોગી જગ માતા હર્યા
જય રામ ગીર્ધ જટાયુએ રોકયો પ્રપંચી પાપીને
જય રામ તોપણ તે ગયો પાખો શું તેની કાપીને ૮

જય રામ આવ્યા આશ્રમે જનકાત્મા જોયા નહી
જય રામ વાત જટાયુએ સીતા હરણની સૌ કહી
જય રામ આપી મુક્તિ તેને બગ સતીની શોધમાં
જય રામ વાધ્યા વિશ્વને જણાવવા બહુ ક્રોધમાં ૯

જય રામ જાનકીના વિયોવ વડે વ્યાકુળ બહુ થતાં
જય રામ સવરી આશ્રમે દીઠા સુદેવ ગણે જતાં
જય રામ પુરણ કામ આવ્યા જોઇને સવરી તદા
જય રામ ચરણ સરાજમાં લપટાઇ થઇ ગઇ મજમુદા ૧૦

જય રામ એઠા બોર તેનાં તૃપ્ત થઇ તેવે જમ્યા
જય રામ ભોળે ભાવ ગાંડી ઘેલીને પોતે ગમ્યા
જય રામ પંપાસર પછી સવરી ત્યાંથી પર્વર્યાં
જય રામ શુગ્રીવ આદી કપી ગણને સહાયે વિષે પોતે વર્યા ૧૧

જય રામ વાલી મારી સંકટ ટાલી કપી શુગ્રીવનું
જય રામ દઢ મહીંત્રી કરી દળ મેળવ્યું માણુસ વનું
જય રામ હનુમાનને તદા કરી શોધ સીતાની કહ્યું
જય રામ છે જનકાત્મા લંકા વિષે આપે લહ્યું ૧૨
જય રામ પથ્થર પાંજ બંધાવી ઘણા લંઘુરથી
જય રામ વાનર રીંછ દળ લઇ આવ્યા બહુ દુરથી
જય રામ લંકાને વિષે આવી મહા જુધ આદરી
જય રામ રાવણ રોળીઓ પરીવાર સહુ પુરો કરી ૧૩
જય રામ ભુંડા ભ્રમ રાક્ષસ ભક્ત ભય હરવા તમે
જય રામ જાનકી નીમીતથી માર્યો મરે નહિ જેકયમે
જય રામ ભક્ત શું આપણો વિભીક્ષણુ કરી સ્થિર રહે હરી
જય રામ જાનકી લઇ પૂર્યા શું વિજય ધર્મ તણો કરી ૧૪
જય રામ ચરિત્ર શું આપના જીભે રહેવા આ કહી કર્યું
જય રામ સત્ત કોટી વિષે મુની વાલ્મીકે રચીને ભર્યું
જય રામ તોપણ તૃપ્તી તે મુની નથી વળી શું કહું
જય રામ હું મતી મંદ રામ ઉદ્ધારી તૃપ્ત સદા રહું ૧૫
જય રામ તાળક મંત્ર માત્રજ આપનું શુભ નામછે
જય રામ તો વિશ્તારનું મારે પછી શું કામ છે
જય રામ એથી રામ નામ હું જીભથી રટું સર્વદા
જય રામ ગણુપતરામને મતી આપજો એવી સદા. ૧૬

સમાપ્ત.

૨

કાલી ગડો.

કરમ ગત ટાળી નાહી ટળે
કાળસે રાહુ કાળસે સસીરવી જોગ સંજોગ પરે   કરમ.
ગુરૂ બસીસ્ટ પંડીત મુનીજ્ઞાની સોધકે લગન ધરે
સીતા હરણ મરણ દસરથકુ બીપટ મે બીપટ પરે   કરમ.
પાંચ ઓહી પાન્ડવ ધીર પ્રતાપી બનબન રોત ફીરે
સુરદાસ પ્રભુ અબ હોઇ સો હોઈ જકન્ક કવન મરે   કરમ.

૩

લાવણી.

દેખા નહી કછુ સાર, જગતમેં દેખા નહી કછુ સાર
મોહ બીસે મત લપટો યારો, દેખા નહી કછુ સાર   ટેક.

ચૌદ ચોકડી રાજ મીલે પણ ત્રસણાકા નહી પાર
ભોગ ભોગને ઇંદ્ર અપસરા ત્રપતી નહી લગાર   જગતમેં.

જુઠા રંગ રૂપમે ભુલી કીયા કરત ગમાર
રૂપ વીર્ય બલ નાસ હુવા તબ નહી હે અપની નાર
નહી હે અપની નાર   જગતમેં.

પ્યારી મેરી જાની પીંગલા હુબ રહા એકતાર
તોબી પ્રીયા કૃતગ્ની રાણી અશ્વપાલક યાર
અશ્વપાલક યાર   જગતમેં.

અલ્પ વખતકા એહી તમાસા દુઃખ હે અપરમપાર
એસક ઇસકા ત્યાગ કરો તુમ ફેર પસ્તાના યાર
ફેર પસ્તાના યાર જગતમેં.
એહી ભરથરી નાર ભરોસે ભુલી હુવા ખુવાર
એહા ભેખસે જગત સીમદયુ નવ ડુબો સંસાર
નવ ડુબો સંસાર જગતમેં.

૪

કાયારે કેસે રોઇ તજદીયા પ્રાણ ટેક.
ઘરકી માયા ઘરમે છોડી, ગાય ભેંસ ઓર ઘોડી
રોતીનાર પદ્મણી છોડી, ઓર છોડી પુત્રન કેરી જોડી તજ.
ચારજનેકી આડ લાગાવે, ચડે કાસ્ટકી ઘોડી
જાય ઉતારે નદી કીનારે, ફુકદીનીરે ફ્રાગન જેસી હોરી તજ.
માત તાત સુત ભ્રાત સ્નેહી, સંગ ન આવે કોઇ
કહે કબીરા સુનો ભાઇ સાધું, જીને જોડીઉ તે પલબીચ તોડી તજ.

૫

મારા રામ ગયા વનવાસરે, ટેક.
નયણે નીદ્રા ન આવે જરી.
હંસ વીનાનાં મારા સરોવર સુનાંરે,
વાગ વીનાં વનવાટરે, નયણે.
પંખી વીનાના મારા પીંજરા સુનારે,
મંદરીએ સુનાં સીતા રામરે, નયણે.

૬

મુંને ઘડી નથી વિસરતા રામ, હરિવર સંકટ હર્તા. (ટેક)
વહાલાજી મારા, કરપર ગોવર્ધન ધાર્યો (૨)
વહાલે વ્રજનો દેશ ઉગાર્યો રામ હરિવર૦
વહાલાજી મારા, કાળીનાગે તે ફંદ કીધો (૨)
લટકાળે નાથી દીધો રામ હરિવર૦
વહાલાજી મારા, કંસ હતો બહુ અહંકારી (૨)
મોહનજીએ નાખ્યો મારી રામ હરિવર૦
વહાલાજી મારા, મુષ્ટિક તંદુલ સુદામાના લીધા (૨)
એના મહેલ કનકના કીધા રામ હરિવર૦
વહાલાજી મારા, કુબ્જાનું ચંદન લીધું (૨)
એને રૂપ અનુપમ દીધું રામ હરિવર૦
વહાલાજી મારા, પાંચાળી સભામાં પોકારે (૨)
ચીર પૂર્યાં પૂર્ણ મુરારિ રામ હરિવર૦
વહાલાજી મારા, ભવરે સાગરના છો ત્રાતા (૨)
પીંગળના પ્રાણજ પ્યારા રામ હરિવર૦

૭

આંખ વીનાં અંધારૂંરે, સદાય મારે આંખ વીનાં અંધારૂ
કોઈ કહે લાલ લીલુ, આ ધોળુને આ પીળું
મારે મન સઘળું કાળું કાળુંરે સદાય.
કોઇને જગ લાગે ખારૂ, કોઇને લાગે નઠારૂ,
મારે મન જીવતર ખારૂ ખારૂરે, સદાય.

૮

પ્રભુજીએ ધાર્યું હોય તે થાય;
હ્હાપણ કોઈનું કામ ન આવે (૨)
કરોને કોટિ ઉપાય—હાંરે હાંરે કરોને૦ પ્રભુ૦
ભીમ, અર્જુન, સહદેવ, નિકુળ પાંચમા ધર્મ કહેવાય;
એ પાંચેના દેખતાંજીરે, સતી તે કેમ લૂટાય પ્રભુ૦
રામ જેવા સત પુરૂષ કહીએ, ને તે પણ વનમાં જાય;
સતી સીતાને કલંક ચઢાવ્યો, તો રાવણ શીર રોળાય પ્રભુ૦
રાજાને જ્યારે રઢ લાગી ત્યારે મૃગયા રમવા જાય;
એરે રૂષિને કોઇ દુભશે, તમે તરત સર્પદંશ થાય પ્રભુ૦
પરીક્ષિત રાજાના જન્મેજય કહાવે, ને તે પણ રાજા કહેવાય;
જગન કરતાં રંભાને વરતાં, અઢાર બ્રહ્મહત્યા થાય પ્રભુ૦
શુભ મુહુર્તને શુભ શોધી લીધાં, શુભ ગ્રહો લેવાય;
સારાં મુરત જોઇ લગન લખીયાં, રંગભરેલી રોળાય પ્રભુ૦
હાણ વૃદ્ધિ છે હરીને હાથે, મુરખ મન મલકાય;
કરનારો તો કરી રહયો છે, અણસમજુ અથડાય પ્રભુ૦

૯

જાગરે જીવ સંભારને શ્રી હરી,
સઠ થઇ શું સુતો સોડ તાંણી ટેક.
પોટલા પાપના બાંધીયા સાથમાં
જ્ઞાન વૈરાગની વાત ન જાણી જાગરે.